રજૂ તારીખ : ૦૮/૦૮/૨૦૨૫
દાખલ તારીખ : ૦૮/૦૮/૨૦૨૫
નિકાલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ

આંક :

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, મુકામ : ભાવનગર.**

**<u>ફોજદારી અપીલ નં.૧૫૫/૨૦૨૫</u>**

**<u>અપીલવાળા :–</u>**

**ટ્રે એન્ડ જવેલ્સ નામની**
**પત્રોપરાઈટરી કનર્સનનાં પ્રોપરાઈટર**
**શ્રી મનીષકુમાર ઓમપ્રકાશ જાલાની,**
ઉ.વ.આ.૪૭, ધંધો : વેપાર,
ઠે.જાલાની હાઉસ,
૭૨૫, આસાર્યકા રસ્તા,
કીશોનપર બજાર, જયપુર
તથા ડો.સંદીપ ભીગવાન
પ્લોટ નં.૨૯, પહેલો માળ,
ચંદ્રકલા કોલોની, દુર્ગાપુર, જયપુર રાજસ્થાન,
હાલ ઠે.જિલ્લા જેલ, ભાવનગર.

**વિરૂધ્ધ**

**<u>સામાવાળા :–</u>**

૧. **સંદીપભાઈ રવજીભાઈ માંગુકીયા,**
ઉ.વ.૫૪, ધંધો : હીરાનો વેપાર,
ઠે.પ્લોટ નં.૨૮૫, શેરી નં.૩,
વિજયરાજનગર, ભાવનગર.

૨. **શ્રી સરકાર,**
(તે તેની નોટિસ મુખ્ય જિલ્લા સરકારી વકીલશ્રી મારફત)
ઠે.કોર્ટ બિલ્ડીંગ, ભાવનગર.

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ ૪૧૫ મુજબ ભાવનગરના વિધ્વાન ચોથા એડી.ચીફ જ્યુડી.મેજી.શ્રીની કોર્ટના ફોજદારી કેસ નં.૪૪૦૧/૨૦૧૮ ના કામે તા.૧/૪/૨૦૨૪ ના રોજ કરેલ સજાના હુકમ સામે અપીલ.**

**અપીલવાળા તરફે : વિધ્વાન વકીલ શ્રી જે.ડી.કેડા**

**સામાવાળા નં.૧ તરફે : વિધ્વાન વકીલ શ્રી એન.આર.ચૌહાણ,**

**સામાવાળા નં.૨ તરફે : વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.એચ.મહેતા**

**-:: ચૂકાદો ::-**

૧. હાલની અપીલ ભાવનગરના વિધ્વાન ચોથા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી કેસ નં.૪૪૦૧/૨૦૧૮ ના કામમાં ધી નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૫(૨) મુજબ તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદની સજા તેમજ આરોપીએ ચેકની રકમની દોઢ ગણી રકમ પેટે રૂા.૫,૯૩,૨૨૮/- ફરિયાદીને વળતર તરીકે ચુકવવા અથવા કોર્ટમાં ૬૦ દિવસમાં જમા કરાવવા, જે રકમ ફરિયાદીને વળતર તરીકે ચુકવી આપવા અને જો આરોપી સદર રકમ ભરપાઈ ન કરે તો આરોપીએ વધુ ૨ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ, તે હુકમથી નારાજ થઈ હાલના અપીલવાળાએ (મુળ આરોપીએ) બી.એન.એસ.એસ.ની કલમ ૪૧૫ મુજબ દાખલ કરેલ છે.

૨. નોટીસ કરતા સામાવાળા નં.૧ તરફે વિધ્વાન વકીલ શ્રી એન.આર.ચૌહાણ તથા સામાવાળા નં.૨ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.એચ.મહેતા હાજર થયેલ છે.

૩. સરળતા ખાતર હવે પછી સદર ચૂકાદામાં સદર અપીલના કામના પક્ષકારોને તેઓના નીચેની અદાલતના મુળ ફોજદારી કેસ નં.૪૪૦૧/૨૦૧૮ ના કામે જે સ્ટેટસમાં હતાં તે જ રીતે એટલે કે

અપીલવાળાને 'આરોપી' તથા સામાવાળા નં.૧ ને 'ફરિયાદી' તરીકે સંબોધવામાં આવેલ છે.

૪. ફરિયાદીએ ભાવનગરના વિધ્વાન ચોથા એડી. ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ફોજદારી કેસ નં.૪૪૦૧/૨૦૧૮ દાખલ કરેલ તે કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, ફરિયાદી ભાવનગર શહેરમાં નિર્મળનગર વિસ્તારમાં આવેલ ડાયમંડ માર્કેટમાં ઓફીસ ધરાવી કાચા હીરાના માલની ખરીદી કરી તેના પર પ્રોસેસ કરાવી ફીનીશ્ડ ડાયમંડ કરી તેને વેચવાનો વ્યવસાય કરે છે તથા આરોપી રાજસ્થાન રાજયના જયપુર મુકામે ટ્રે એન્ડ જવેલ્સના નામથી ફીનીશ્ડ ડાયમંડને વેચવાનો વ્યવસાય કરે છે. આરોપીએ ફરિયાદી પાસેથી હીરાના માલની ખરીદી કરવા તેઓનો સંપર્ક કરતા ફરિયાદીએ તેઓને જુદી જુદી ટાઈપ અને વજનના તૈયાર થઇ ગયેલા હીરાનો માલ બતાવેલ. જે આરોપીને પસંદ પડતા તેઓ વચ્ચે ફીનીશ્ડ ડાયમંડનાં એક કેરેટનાં રૂા.૯૩૫૦/– લેખે ૪૦.૪૪ કેરેટ માલની કિંમત રૂા.૩,૭૮,૧૧૪/– નકકી કરવામાં આવેલ તથા તા.૨૪/૫/૨૦૧૭ ના રોજ આરોપીને રુબરુમાં માલ સોંપી આપેલ તથા સદરહુ રકમ આરોપી ત્રણ માસમાં ફરિયાદીને ચુકવી આપશે તેવુ જણાવેલ. બાદ દોઢેક માસનો સમય બાદ આરોપી ફરી ભાવનગર આવેલા અને વધુ માલની જરુરિયાત હોવાનું જણાવતા ફરિયાદીએ અલગ અલગ વજન તથા કેરેટના અલગ અલગ ભાવ લેખે તા.૧૯/૮/૨૦૧૮ ના રોજ રૂા.૧૨,૮૩,૩૧૯/– ના ફીનીશ્ડ ડાયમંડ આરોપીને આપેલ તથા સદરહુ રકમ પણ આરોપી ત્રણ માસમાં ફરિયાદીને ચુકવી આપશે તેવુ જણાવેલ. બાદ નકકી કરેલ સમય મર્યાદામાં આરોપીએ ફરિયાદીની લેણી રકમ ચુકવેલ ન હોય તથા ફરિયાદીએ ઉઘરાણી કરતાં આરોપીને નાણાભીડ હોય થોડો સમય આપવા જણાવેલ. પરંતુ ત્યારબાદ પણ આરોપીએ માલની લેણી રકમ ચુકવેલ ન હોય ફરિયાદીએ ફરી ઉઘરાણી કરતા આરોપીએ ફરિયાદીના નામજોગ તા.૨૪/૧/૨૦૧૮ ના રોજનો આઇ.સી.આઇ.સી.આઇ. બેંક, જયપુર શાખાનો

રૂા.૩,૯૫,૪૮૫/- ની રકમનો ચેક નં.૦૦૦૭૬૯ આપેલ અને સદરહુ ચેક બેંકમાં એનકેશ કરાવતા સ્વીકારાઇ જશે તેવો વિશ્વાસ આપેલ. જેથી ફરિયાદીએ સદરહુ ચેક તેઓની બેંક ઓફ ઇન્ડીયા, ભાવનગરમાં એનકેશ કરવા જમા કરાવતા સદરહુ ચેક આરોપીના ખાતામાં પુરતુ બેલેન્સ ન હોય તા.૨૧/૩/૨૦૧૮ ના રોજ ''ફંડસ ઇનસફીશ્યન્ટ'' નાં શેર સાથે પરત ફરતા ફરિયાદીએ તેમના વકીલ મારફતે તા.૧૭/૪/૨૦૧૮ ના રોજ આરોપીને રજી.એ.ડી. થી લીગલ નોટીસ મોકલેલ, જે આરોપીને બજી જવા છતાં આરોપીએ ફરિયાદીની બાકી લેણી રકમ ચૂકવેલ નથી. જેથી ફરિયાદી ધ્વારા આરોપી વિરુધ્ધ ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

૫. ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરિયાદ પક્ષે આરોપી સામેના કેસની હકીકતો પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો છે.

**<u>મૌખિક પુરાવો :-</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરિયાદી સંદીપભાઇ રવજીભાઇ માંગુકીયાનું પુરાવારૂપી સોગંદનામું | ૧૫ |

**<u>દસ્તાવેજી પુરાવો :-</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | આરોપીને આપેલ નોટીસ | ૨૭ |
| ૨ | નોટીસ રજી. પોસ્ટ એ.ડી. થી મોકલેલ તેની પાવતી | ૨૮ |
| ૩ | એકનોલેજમેન્ટ | ૨૯ |
| ૪ | આરોપીએ ખરીદેલ માલનું બીલ | ૩૦ |
| ૫ | આરોપીએ ખરીદેલ માલનું બીલ | ૩૧ |
| ૬ | તકરારી ચેક | ૩૨ |
| ૭ | ચેક રીટર્ન મેમો | ૩૩ |

૬. ત્યારબાદ સદર કેસ ચાલી જતાં ભાવનગરના વિધ્વાન ચોથા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી કેસ નં.૪૪૦૧/૨૦૧૮ ના કામમાં ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૫(૨) મુજબ તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદની સજા તેમજ આરોપીએ ચેકની રકમની દોઢ ગણી રકમ પેટે રૂા.૫,૯૩,૨૨૮/- ફરિયાદીને વળતર તરીકે ચુકવવા અથવા કોર્ટમાં ૬૦ દિવસમાં જમા કરાવવા, જે રકમ ફરિયાદીને વળતર તરીકે ચુકવી આપવા અને જો આરોપી સદર રકમ ભરપાઇ ન કરે તો આરોપીએ વધુ ૨ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ છે.

૭. અપીલવાળા/મુળ આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી દલીલ કરતા જણાવે છે કે, ટ્રાયલ કોર્ટનો હુકમ ભૂલભરેલો તથા ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે આદેશાત્મક જોગવાઇઓ વિરુધ્ધનો છે તેથી રદ જવાને પાત્ર છે. ટ્રાયલ કોર્ટે પુરાવાનું યોગ્ય રીતે અર્થઘટન કરેલ નથી. ટ્રાયલ કોર્ટમાં ટ્રાયલ દરમ્યાન અપીલવાળા કાયદાની અજ્ઞાનતા અને અજાણતાના લીધે કોર્ટમાં હાજર રહેલ ન હોય અને ફરિયાદી તરફે રજૂ રાખેલ સરતપાસ બાદ આરોપીને તેઓની ઉલટ તપાસનો હકક મળેલ ન હોય અને મુળ અપીલવાળા તરફે પણ પુરાવો રજૂ કરી શકેલ ન હોય ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૯ ના પ્રાવધાનોને ધ્યાને લેતા આરોપીની ગેરહાજરીમાં પુરાવો લઈ શકાય નહિ તેવા નામદાર હાઇકોર્ટ તથા નામદાર સુપ્રીમ કોર્ટના વિવિધ્ ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો હોવા છતાં ટ્રાયલ કોર્ટે આરોપી વિરુધ્ધ તેઓનું ફર્ધર સ્ટેટમેન્ટ રેકર્ડ કર્યા વગર કરેલ હુકમ ક્ષતિગ્રસ્ત હોય જેથી પણ ટ્રાયલ કોર્ટનો હુકમ રદ થવાપાત્ર છે. અપીલવાળા વિરુધ્ધ સામાવાળાનો નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટના કાયદા અન્વયેનું કોઇ કાયદેસર વસૂલવાપાત્ર દેવુ કે કોઇ કાયદેસરનું લેણું હોવાની હકીકત સાબિત કરી શકેલ નથી. મુળ ફરિયાદી પોતાની ફરિયાદમાં કે પુરાવામાં લેણાની

કાયદેસરતા બાબતના કોઇ પુરાવા રજૂ કરી શકેલ નથી. ફરિયાદીએ સીકયોરીટી પેટે ચેક લીધેલો તેનો દુરુપયોગ કરી તેઓ સામે ખોટી ફરિયાદ દાખલ કરેલ છે. તેઓ સામે એકતરફી હુકમ થયેલ હોય જો સદર કેસ રીમાન્ડ કરવામાં આવશે તો તેઓ ૫ થી ૬ માસમાં સદર કેસમાં સાક્ષી પુરાવા રજૂ કરી સદર કેસ પુરો કરવાની બાંહેધરી આપે છે, જેથી નીચેની અદાલતનો હુકમ રદ કરી સદર કેસ રીમાન્ડ કરવા નમ્ર અરજ છે.

૮. સામાવાળા નં.૧ તરફે વિધ્વાન વકીલ શ્રી તથા સામાવાળા નં.૨ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી દલીલ કરતા જણાવે છે કે, વિધ્વાન ટ્રાયલ કોર્ટે તેમની સમક્ષ પડેલ પુરાવાઓનું યોગ્ય રીતે અર્થઘટન કરેલ છે અને તપાસાયેલ સાહેદ તેમજ રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને સંપૂર્ણપણે સમર્થન પ્રાપ્ત થતું હોય ભાવનગરના વિધ્વાન ચોથા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ પુરાવો ધ્યાને લઇ જે હુકમ કરેલ છે તે યોગ્ય અને વાજબી હોય તેમાં હસ્તક્ષેપ કરવો આવશ્યક ન હોય અપીલવાળાની અપીલ રદ કરવી જોઇએ. વધુમાં તેઓ દલીલ કરે છે કે, પુરાવો ધ્યાને લેતા આરોપીએ ફરિયાદ મુજબનો ગુનો કરેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે, તે સંજોગોમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ હોય ભાવનગરના વિધ્વાન ચોથા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ કરેલ હુકમ કાયમ રાખવો જોઇએ.

૯. બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો, ટ્રાયલ કોર્ટનો ચૂકાદો તથા ટ્રાયલ કોર્ટનું રેકર્ડ વંચાણે લેતા હાલની અપીલના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

૧. શું અપીલવાળા સાબિત કરે છે કે, ટ્રાયલ કોર્ટનો હુકમ ગેરકાયદેસર તેમજ કાનૂની જોગવાઇઓ વિરુધ્ધનો છે અને તેમાં હસ્તક્ષેપને પાત્ર છે?

૨. શું હુકમ ?

૧૦. ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.૧ :-**

૧૧. પુરાવાના કાયદા અનુસાર જે પક્ષકાર જે હકીકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી તે પક્ષકારના શીરે રહે છે. ચેક પરત ફર્યાના કેસમાં પુરાવો રજૂ થયા બાદ ફરિયાદીની તરફેણમાં પુરાવા અધિનિયમની કલમ ૧૧૮ અને ૧૩૯ પ્રમાણેનું અનુમાન કરવું પડે અને તે માટે સૌપ્રથમ ધી નેગોશિએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ નાં તત્વો પુરવાર થાય છે કે કેમ તે ધ્યાને લેવુ પડે. હાલના કેસમાં આરોપી વિરુધ્ધનો આક્ષેપ ધી નેગોશિએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના સબંધેનો મુકવામાં આવેલ છે, જેમાં કલમ ૧૩૮ મુજબના તત્વો પુરવાર થાય છે કે કેમ તે ધ્યાને લેવુ પડે.

**કલમ ૧૩૮ : ખાતામાં અપુરતા ભંડોળ વિગેરેને કારણે ચેકનો અસ્વીકાર :**

સમગ્ર રીતે અથવા અંશત: કોઇપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઇ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણકે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતિથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઇ અન્ય જોગવાઇઓને બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે. પરંતુ એમ ઠરાવ્યું છે કે, :

(એ) જયાં સુધી ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેન્કમાં રજૂ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી તે ચેકનો પેઇ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાનાં ''૩૦ દિવસ'' ની અંદર તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચૂકવણીની માંગણી કરે નહીં અને

(સી) જયાં સુધી એવો ચેક લખનાર, ચેકના નાણા લેનાર પેઇને અથવા તે ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય નહિ ત્યાં સુધી આ કલમમાંનું કશું જ લાગુ પડશે નહિ.

**ખુલાસો:** આ કલમના હેતુઓ માટે દેવુ અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

૧૧.૧. આમ, નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક તત્વો નીચે મુજબ છે.

(૧) ચેક પોતાની જવાબદારી પુરી કરવા આપ્યો હોવો જોઇએ.

(૨) ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઇએ.

(૩) કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારને ૩૦ દિવસમાં નોટીસ આપી હોવી જોઇએ.

(૪) કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયો હોવો જોઇએ.

૧૧.૨. ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનું કહેવાય અને ત્યારબાદ ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ તથા કલમ ૧૧૮ મુજબનું ધારકની તરફેણમાં અનુમાન થાય.

**<u>કલમ ૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :</u>**

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહિ ત્યાં સુધી એમ અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારકે કલમ ૧૩૮ માં જણાવેલ ચેક કોઈપણ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: દેવા માટે મેળવ્યો હતો.

**નોંધ :–** પાછો ફરેલ એ વર્તમાન દેવુ કે જવાબદારી પ્રત્યે હતો તેવુ અનુમાન કરવામાં આવશે. એથી વિરુધ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલા ચેક કોઈ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેકના આપનાર ઉપર છે.

**<u>કલમ ૧૧૮ વટાઉખત વિશે માની લેવાની બાબત:</u>**

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) **અવેજ વિશે :** દરેક ખત વટાઉખત અવેજને માટે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતું અને એવુ દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યુ હતું અથવા તબદલી કર્યુ હતું.

(ખ) **તારીખ વિશે :** જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હોય.

(ગ) **સ્વીકારનાર સમય વિશે :** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતું.

(ઘ) **તબદીલનાં સમય વિશે :** કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ચ) **શેરાઓના ક્રમ વિશે :** કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) **સ્ટેમ્પ વિશે :** ખોવાઇ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) **ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :** કોઇ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવું સિવાય કે, તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઇ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઇ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યુ હોય ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

૧૨. ઉપરોકત કાયદાકીય જોગવાઇઓના સંદર્ભમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ ફોજદારી કેસ નં.૪૪૦૧/૨૦૧૮ ના કામે રજૂ પુરાવાનું પુન: મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ આંક ૧૫ ના પુરાવારૂપી સોગંદનામામાં પોતાની ફરિયાદ હકીકતને અનુરુપ જુબાની આપેલ છે અને ફરિયાદી ધ્વારા ટ્રાયલ કોર્ટ સમક્ષ આંક ૨૭ થી લીગલ નોટીસ, આંક ૨૮ થી નોટીસ રજી.પોસ્ટ એ.ડી.થી મોકલેલ તેની પાવતી, આંક ૨૯ થી એકનોલેજમેન્ટ, આંક ૩૦, ૩૧ થી આોરપીએ ખરીદેલ માલનું બીલ, આંક ૩૨ થી તકરારી ચેક તથા આંક ૩૩ થી ચેક રીટર્ન મેમો રજૂ કરેલ છે. આમ, આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચૂકવી આપેલ ન હોય હાલની ફરિયાદ કરેલ છે તથા રજૂ કરેલ દસ્તાવેજોને સમર્થન આપેલ છે. જે સંદર્ભે આરોપીને પુરતી તક આપવા છતાં આરોપીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર થઇ ફરિયાદીની કોઇ ઉલટ તપાસ કરેલ નથી કે પોતાના બચાવમાં કોઇ પુરાવો રજૂ કરેલ નથી કે તેમના વિધ્વાન વકીલશ્રીએ પણ કોઇ રજૂઆત કરેલ નથી કે આરોપી ધ્વારા ફરિયાદીના પુરાવાના અંતે સી.આર.પી.સી. કલમ ૩૧૩ અન્વયે પોતાનું કોઇ વિશેષ નિવેદન રજૂ કરી પોતાનો બચાવ કરેલ નથી. આરોપી ધ્વારા કોઇ

પુરાવો રજૂ કરવો જરૂરી નથી, પરંતુ ફરિયાદીની ઉલટ તપાસ પણ આરોપી ધ્વારા કરવામાં આવેલ ન હોય આરોપી તેમના વિરુધ્ધના અનુમાનોનું ખંડન કરવામાં સફળ નીવડેલાનું માની શકાય નહિ. આરોપીનો એક ફરિયાદી પાસે કેવી રીતે ગયેલ તે બાબતે કોઇ જ હકીકત આરોપી પક્ષ તરફે રેકર્ડ પર લાવવામાં આવેલ નથી.

૧૨.૧. ઉપરોકત હકીકતે ફરિયાદ હકીકત જોવામાં આવે તો ફરિયાદમાં આરોપીએ તેમની લેણી રકમની ચૂકવી આપવાની જવાબદારી પેટે ફરિયાદીને તા.૨૪/૧/૨૦૧૮ ના રોજનો આઇ.સી.આઇ.સી.આઇ. બેંક, જયપુર શાખાનો ચેક નં.૦૦૦૭૬૯, રૂા.૩,૯૫,૪૮૫/- નો આપેલાનું જણાવેલ છે. તેની સાથે આંક ૩૨ થી રજૂ થયેલ તકરારી ચેક ધ્યાને લેતા તે ફરિયાદી સંદીપ રવજીભાઇ માંગુકીયાના નામજોગ રૂા.૩,૯૫,૪૮૫/- નો આરોપીએ પોતાના આઇ.સી.આઇ.સી.આઇ. બેંક, જયપુર શાખાના ખાતા નં.૬૭૬૯૦૧૫૩૨૬૭૪ નો ચેક નં.૦૦૦૭૬૯ થી તા.૨૪/૧/૨૦૧૮ ના રોજનો આપેલ હોવાનું જણાય છે. આમ, ઉપરોકત ચેકમાં ફરિયાદીએ તમામ હકીકત જેવી કે ચેક નંબર, ચેકની રકમ, આરોપી જે બેન્કમાં તેમનું ખાતું ધરાવે છે તે બેન્કનું નામ, ફરિયાદીના નામજોગ લખી આપેલ ચેક બધુ સમાન છે, તે સંજોગોમાં આરોપીનો કોઇ બચાવ ટકી શકે તેમ નથી.

૧૩. વધુમાં, આ કામે ફરિયાદીના કેસ મુજબ ફરિયાદીએ આરોપીને જે રકમ આપેલ તેની ચૂકવણી પેટે આરોપીએ ફરિયાદવાળો ચેક નં.૦૦૦૭૬૯ આપેલ. જે ચેક ફરિયાદીએ તેમની બેન્ક ઓફ ઇન્ડીયામાં રજૂ કરતા સદર ચેક તા.૨૧/૩/૨૦૧૮ ના રોજ ''ફંડસ ઇનસફીશ્યન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ. ત્યારબાદ ફરિયાદીએ આરોપીને તા.૧૬/૪/૨૦૧૮ ના રોજ રજી.પોસ્ટ એ.ડી.થી નોટીસ મોકલાવેલ. જે નોટીસ આરોપીને બજી જતા આરોપીએ ફરિયાદીની નોટીસનો કોઇ જવાબ નહિ આપી કાયદેસરની લેણી રકમ ચૂકવેલ નથી, જેથી ફરિયાદીએ હાલની ફરિયાદ દાખલ કરેલ છે. હાલના કેસની હકીકત જોવામાં આવે તો ફરિયાદવાળો ચેક તેની વેલીડીટી

પીરીયડમાં બેન્કમાં વટાવવા માટે રજૂ કરવામાં આવેલ છે. રજૂ થયેલ રીટર્ન મેમો ધ્યાને લેતા તેમાં ચેક નંબર, એમાઉન્ટ, ચેક પરત ફરવાનું કારણ વિગેરે તમામ હકીકતો દર્શાવવામાં આવેલ છે ત્યારે આ ચેક રીર્ટન મેમો ખરો હોવાનું પ્રથમદર્શનીય જણાઈ આવે છે. જો આરોપી પક્ષ તેનાથી વિરુધ્ધની હકીકત પુરવાર કરવા માંગતા હોય તો આરોપીએ આ અન્વયે તેમનો બચાવ પુરવાર કરવો જોઈતો હતો.

૧૪. આમ, તમામ સંજોગોમાં આરોપી તરફથી આંક ૩૨ થી અપાયેલ ચેક આરોપીએ લીધેલ રકમના અનુસંધાને કાયદેસરની જવાબદારી પરીપૂર્ણ કરવા માટે આપેલ હોવાનું પુરવાર થાય છે. ધી નેગોશિએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૧૮ અને ૧૩૯ ના કાયદામાં સૂચવેલ અનુમાનો સ્વીકાર્ય હોય તેવા મૌખિક કે દસ્તાવેજી પુરાવાના આધારે ખંડન કરવાની જવાબદારી આરોપીની છે અને તે માટે આરોપીએ સ્પષ્ટ અને વિશ્વસનીય માન્ય રાખી શકાય તેવો ખંડનાત્મક પુરાવો આપવો જોઈએ. નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા એ.આઈ.આર. ૨૦૧૫ એસ.સી. ૨૨૪૦ પેજ પરના T. Vasanthakumar Vs. Vijay Kumari ના ચૂકાદામાં રીલેવન્ટ પેરા ૮,૯,૧૦ માં નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

8. We have heard the learned counsel appearing for the appellant as also the learned counsel appearing for the respondent. The complainant has alleged that the money (loan) was advanced to the defendant on 20-05-2006 in relation to which the cheque was issued to him by the defendant on 16-01-2007. The cheque was for Rs.5 lakhs only, bearing No.822408. It is of great significance that the cheque has not been disputed nor the signature of the defendant on it. **There has been some controversy before us with respect to Section 139 of Negotiable Instruments Act as to whether complainant has to prove existence of a legally enforceable debt before the presumption under Section 139 of the Negotiable Instruments Act starts operating and burden shifts to the accused.** Section 139 reads as follows:

"139. Presumption in favour of the holder-It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability."

9. This Court has held in its three judge bench judgment in Rangappa v. Sri Mohan, (2010) 11 SCC 441:

"**The presumption mandated by Section 139 includes a presumption that there exists a legally enforceable debt or liability.** This is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the respondent complainant."

10. Therefore, **in the present case since the cheque as well as the signature has been accepted by the accused respondent, the presumption under Section 139 would operate. Thus, the burden was on the accused to disprove the cheque or the existence of any legally recoverable debt or liability.** To this effect, the accused has come up with a story that the cheque was given to the complainant long back in 1999 as a security to a loan; the loan was repaid but the complainant did not return the security cheque. According to the accused, it was that very cheque used by the complainant to implicate the accused. However, it may be noted that the cheque was dishonoured because the payment was stopped and not for any other reason. This implies that the accused had knowledge of the cheque being presented to the bank, or else how would the accused have instructed her banker to stop the payment. Thus, the story brought out by the accused is unworthy of credit, apart from being unsupported by any evidence.

૧૫. આરોપી તરફે મુળ ફરિયાદી પોતાની ફરિયાદમાં કે પુરાવામાં લેણાની કાયદેસરતા બાબતના કોઈ પુરાવા રજૂ કરી શકેલ નથી તેવો બચાવ લીધેલ છે. પરંતુ આ કામે આંક ૩૨, ૩૩ થી રજૂ થયેલ બીલ ધ્યાને લેતા ફરિયાદીના આરોપી પાસે કાયદેસરના લેણા બાકી હોવાનું

પુરવાર થાય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતનાં રોહીતભાઇ જીવણલાલ પટેલ વિ. ગુજરાત રાજય, ક્રિમિનલ અપીલ નં.૫૦૮/૨૦૧૯ ના ચૂકાદામાં એવુ ઠરાવેલ છે કે, જયારે કોર્ટ કલમ ૧૩૯ મુજબ અનુમાન દોરે છે અને આરોપી તે અનુમાનનું ખંડન કરી શકતા નથી ત્યારે ફરિયાદીની આવકના સ્ત્રોત જેવા પરિબળ સુસંગત નથી. હાથ ઉપરના કિસ્સામાં તકરારી ચેક ખરેખર કાયદેસરના લેણા પેટે આપેલ ન હતો તે પુરવાર કરવાનો બોજો આરોપીના શીરે છે અને આરોપી કલમ ૧૩૯ નાં અનુમાનનું ખંડન થાય તેવો પોતાનો બચાવ પ્રોબેબલી પણ પુરવાર કરી શકેલ નથી ત્યારે આરોપીની ઉપરોકત દલીલ ટકવાપાત્ર નથી.

૧૫.૧. આ કામના આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮, ૧૩૯ મુજબના ફરિયાદીની તરફેણના અનુમાનોને રીબર્ટ કરતો સંતોષકારક પુરાવો રજૂ કરેલ નથી અને અનુમાનોનું ખંડન કરેલ નથી. આ સંજોગોમાં આરોપીએ ફરિયાદીને આપેલ આંક ૩૨ નો ચેક ફરિયાદીને કાયદેસરની લેણી થતી રકમ પેટે આપેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થાય છે અને આંક ૩૨ નો ચેક પરત ફરેલ હોય ફરિયાદીને આરોપીએ નાણા ચુકવેલ નથી. જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના તમામ તત્વો સાબિત થતા હોય, આરોપીએ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેનો ગુનો કરેલાનું પુરવાર થાય છે.

૧૬. ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અંગેના ગુનામાં કોર્ટે માત્ર આરોપીએ સદરહુ ચેક કોઇપણ દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ છે કે કેમ એટલુ જ જોવાનું રહેતું નથી, પરંતુ તેની સાથોસાથ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ નાં ગુનાના અન્ય તત્વો રેકર્ડ ઉપરથી સાબિત થાય છે કે કેમ તે હકીકત પણ ધ્યાને લેવાની રહે છે. સદરહુ હકીકત અંગે આંક ૩૨ નો ચેક જોવામાં આવે તો ફરિયાદવાળો ચેક નં.૦૦૦૭૬૯ ફરિયાદીએ તેઓનાં બેન્ક ખાતામાં જમા કરાવતા સદર ચેક ''ફંડસ ઇનસફીશ્યનટ'' નાં શેરા સાથે તા.૨૧/૩/૨૦૧૮ ના રોજ પરત

ફરેલ છે. ત્યારબાદ ફરિયાદીએ આરોપીને તા.૧૬/૪/૨૦૧૮ ના રોજ રજી.પોસ્ટ એ.ડી.થી વકીલ મારફતે નોટીસ મોકલાવેલ. તે ચેક તા.૨૪/૧/૨૦૧૮ ની તારીખનો છે તથા ફરિયાદી ધ્વારા તે ચેક તેની કાયદેસરના સમયગાળા દરમ્યાન તેમના બેન્ક એકાઉન્ટમાં વટાવવા માટે રજૂ કરવામાં આવેલ છે. વધુમાં રેકર્ડ ઉપર રજૂ થયેલ ફરિયાદીની બેન્કનો આંક ૩૩ નો રીટર્ન મેમો ધ્યાને લેતા ચેક ''ફંડસ ઇનસફીશ્યન્ટ’' નાં શેરા સાથે ચૂકવણી થયા વગર પરત થયેલ હોવાની હકીકત અને તેની જાણ ફરિયાદીને તેની બેન્ક ધ્વારા તા.૨૧/૩/૨૦૧૮ ના રોજ કરવામાં આવતા ફરિયાદી ધ્વારા નિયત ૩૦ દિવસની અંદર એટલે કે તા.૧૬/૪/૨૦૧૮ ના રોજ આરોપીને આંક ૨૭ ની ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮(બી) મુજબની સદરહુ ચેકની રકમની માંગણી કરતી નોટીસ રજી.પોસ્ટ એ.ડી.થી મોકલાવેલ હોવાનું અને તે નોટીસ આરોપીને બજી જતા આરોપીએ સદર નોટીસનો કોઇ જવાબ આપેલ નથી તેમજ સદર ચેક મુજબની રકમ નિયત સમય મર્યાદામાં એટલે કે નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં ફરિયાદીને ન ચૂકવતા અને ફરિયાદીને કલમ ૧૩૮(સી) મુજબ ફરિયાદ કરવાનું કારણ ઉભુ થતાં ફરિયાદીએ હાલની ફરિયાદ કરેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપરથી સાબિત થાય છે.

૧૭. વધુમાં આરોપી તરફે ટ્રાયલ આરોપીની ગેરહાજરીમાં ચાલેલ છે તેથી ફરિયાદી પોતાનું કાયદેસરનું લેણું સાબિત કરી શકેલ નથી તેવો બચાવ લીધેલ છે. પરંતુ આ કામે આરોપીને નોટીસ બજી જતાં ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર થવુ જોઇએ. તેમને ટ્રાયલ કોર્ટ ધ્વારા પુરતી તક આપવા છતાં તેઓ હાજર રહયા નથી તેમાં કોર્ટનો કોઇ ફોલ્ટ નથી. કોર્ટે યોગ્ય રીતે કામ આગળ ચલાવે છે. આ કામે આરોપીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર જઇ ફરિયાદીની નોટીસનો કોઇ જવાબ આપેલ નથી કે ફરિયાદીની કોઇ ઉલટ તપાસ કરેલ નથી. ટ્રાયલ કોર્ટ સમક્ષ આરોપીની પ્લી સને ૨૦૧૯ ની સાલમાં રેકર્ડ કરવામાં આવેલ હતી, ત્યારબાદ આરોપી સામે ઘણી વખત વોરંટ ઇશ્યુ કરવામાં આવેલ હતાં

તેમ છતાં આરોપી પુરાવા દરમ્યાન ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી, ફરિયાદીની કોઈ ઉલટ તપાસ કરેલ નથી કે તેમના વિધ્વાન વકીલશ્રીએ પણ કોઈ રજૂઆત કરેલ નથી કે આરોપી ધ્વારા ફરિયાદીના પુરાવાનાં અંતે સી.આર.સી. કલમ ૩૧૩ અન્વયે પોતાનું કોઈ વિશેષ નિવેદન રજૂ કરી પોતાનો બચાવ કરેલ નથી. આરોપી ધ્વારા કોઈ પુરાવો રજૂ કરવો જરૂરી નથી પરંતુ ફરિયાદીની ઉલટ તપાસ પણ આરોપી ધ્વારા કરવામાં આવેલ ન હોય આરોપી તેમના વિરુધ્ધના અનુમાનોનું ખંડન કરવામાં સફળ નીવડેલાનું માની શકાય નહિ. આરોપીનો ચેક ફરિયાદી પાસે કેવી રીતે ગયેલ તે બાબતે કોઈ જ હકીકત આરોપી પક્ષ તરફે રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. જેથી આરોપીનો ઉપરોકત બચાવ પણ ટકી શકતો નથી.

૧૮. વધુમાં આરોપી તરફે ટ્રાયલ કોર્ટ સમક્ષ તેમનું વિશેષ નિવદન લેવામાં આવેલ નથી જેથી તેમને બચાવની તક મળી નથી તેવો બચાવ લીધેલ છે. વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા તેમના જજમેન્ટનાં પેરા–૬ માં એવુ તારણ આપેલ છે કે, ''આ કામે ફરિયાદ પક્ષે પુરાવો રજૂ થયા બાદ આરોપી વિરુધ્ધ પુરાવો જણાતાં આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવુ જરૂરી છે પરંતુ સદર કામે આોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરવા માટે આરોપી હાજર રહેલ નથી તેથી તેમના તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે તેમજ ત્યારબાદ સદર કામે વધારાનું નિવેદન તૈયાર કરીને કામમાં સામેલ રાખવામાં આવેલ છે તેમ છતાં ત્યારબાદ પણ અરોપી હાજર રહેતાં ન હોવાથી આરોપીના વધારાના નિવેદનનો હકક પણ સ્થગિત કરવામાં આવેલ છે તેથી સદર કામે આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ નથી. તે બાબતે ગુજરાત રાજયની નાદાર વડી અદાલતનાં મનોજ વાસુદેવ સોમપુરા વિ. ગુજરાત રાજય રાજય નાં ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવેલ છે.''

૧૮.૧. આમ, નીચલી અદાલતનું રેકર્ડ તેમજ વિધ્વાન મેજીસ્ટ્રેટ ધ્વારા જે હુકમ કરવામાં આવેલ છે તેને ધ્યાનથી વંચાણે લેવામાં આવે તો

આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર રહેલ નથી અને તેથી વિધ્વાન મેજીસ્ટ્રેટ ધ્વારા વાસુદેવ સોમપુરા વિ. ગુજરાત રાજય, સ્પે. ક્રિમિનલ એપ્લીકેશન નં.૬૨૭૧/૨૦૨૩ ના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા જે હુકમ કરવામાં આવેલ છે તેને ધ્યાને લઇ આરોપીનું સી.આર.પી.સી. કલમ ૩૧૩ હેઠળનું ફર્ધર સ્ટેટમેન્ટ નોંધેલ નથી.

હાલના તબકકે નામદાર બોમ્બે હાઇકોર્ટ ધ્વારા નવનીતસિંહ ગોગીયા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ક્રિમિનલ રીવીઝન એપ્લીકેશન નં.૭૦/૨૦૨૩ ના ચૂકાદામાં એવુ ઠરાવેલ છે કે, જો ટ્રાયલ દરમ્યાન આરોપી હાજર ન હોય અને જયારે આરોપીનું ફર્ધર સ્ટેટમેન્ટ સી.આર.પી.સી. કલમ ૩૧૩ હેઠળ નોંધવાનો સમય હોય ત્યારે પણ જો આરોપી હાજર ન હોય તો તેવા સંજોગોમાં આરોપીનું ફર્ધર સ્ટેટમેન્ટ સી.આર.પી.સી. કલમ ૩૧૩ મુજબ નોંધવું જરૂરી રહેતું નથી. આમ, નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા વાસુદેવ સોમપુરા (સુપ્રા) અને નામદાર બોમ્બે હાઇકોર્ટ ધ્વારા નવનીતસીંગ ગોગાઇ (સુપ્રા) નાં ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતા પણ આરોપીના વિધ્વાન વકીલશ્રીની દલીલ કે આ કામે વિધ્વાન ટ્રાયલ કોર્ટ ધ્વારા આરોપીનું ફર્ધર સ્ટેટમેન્ટ લેવામાં આવેલ નથી તેથી તેમને બચાવની તક મળી નથી તેવી દલીલ સ્વીકારી શકાય તેમ નથી.

૧૯. વધુમાં આરોપી તરફે એવો બચાવ લીધેલ છે કે તેમણે સીકયોરીટી પેટે આપેલ ચેકનો ફરિયાદીએ દુરુપયોગ કરેલ છે. પરંતુ સદર કામે ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ થયેલ પુરાવો જોતા આરોપીએ ચેક પરની સહી તેમની નથી તેવી કોઇ તકરાર લીધેલ નથી કે ચેક રીટર્ન મેમો બાબતે કે ચેક રીટર્નનાં કારણ બાબતે કોઇ તકરાર લીધેલ નથી. વધુમાં આરોપી ધ્વારા તેમની સહીવાળો ચેક ફરિયાદી પાસે કેવી રીતે ગયેલ તે બાબતનો કોઇ ઠોસ બચાવ રેકર્ડ પર લાવવામાં આવેલ નથી કે તે બાબતે કોઇ ખુલાસો આરોપીએ કરેલ નથી. સદર અપીલના કામે નામદાર સુપ્રીમ કોર્ટનાં ડી.એમ.દસાવારાજ વિ. શ્રીનીવાસ દત્તાનો ચૂકાદો ધ્યાને લેતા જયારે આરોપીએ ચેક આપેલ હોય તો તેવો ચેક

જવાબદારી માટે આપેલ હોવાનાં પ્રાથમિક અનુમાનને સમર્થન મળે છે અને ચેક આરોપીએ આપેલ નથી તેવો કોઇ બચાવ લીધેલ નથી. વધુમાં તકરારી ચેક જોતા ચેકમાં કરવામાં આવેલ સહી મુળ આરોપીની નહિ હોવા અંગે પણ કોઇ તકરાર લેવામાં આવેલ નથી. ઉપરોકત હકીકતનાં અનુસંધાને **Rajendra V/S. Usharani, 2001 LW (Cri) 319; Satish Jayantilal Shah v/s. Pankaj Mashruwala, 1996 (2) GLR 751 and Jammu & Kashmir Bank v/s. Abhishek Mittal, 2012 2 Bankmann 494;** ના ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા એવો કોઇ કાયદો નથી કે ચેક લખનાર વ્યકિતએ ચેકની તમામ વિગતો પોતાના હસ્તાક્ષરમાં જ ભરવાની હોય. એકવાર ચેક પરની સહી નકારવામાં ન આવે અને ચેક પર તેની સહીઓ કબૂલ કરવામાં આવે, તો આરોપી આ આધાર પર તેની જવાબદારીમાંથી છટકી શકતો નથી કે તેના ધ્વારા તમામ જરૂરી વિગતો તેના પોતાના હસ્તાક્ષરથી ભરવામાં આવી નથી. એવુ પણ માનવામાં આવે છે કે બ્લેન્ક ચેક જારી કરનાર વ્યકિતએ આમ કરવાના પરિણામોને સમજવું જોઇએ અને આવી વ્યકિત ફકત તેના આધારે જ તેની જવાબદારીમાંથી છટકી શકશે નહિ કે તેના ધ્વારા કોરો ચેક આપવામાં આવ્યો હતો. એકવાર આરોપીએ તેના ધ્વારા જારી કરાયેલ ચેક પર સહી કબૂલ કર્યા પછી આરોપી સિવાય અન્ય વ્યકિત ધ્વારા અન્ય વિગતો ભરવાનો પ્રશ્ન એકદમ અપ્રસ્તુત છે.

૧૯.૧. આમ, જયારે ચેક ઉપરની આરોપીની સહીને પડકારવામાં આવેલ નથી તે સંજોગોમાં ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮ તેમજ ૧૩૯ મુજબનાં અનુમાન ઉભા થાય છે અને તે મુજબ આરોપીએ વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા ચૂકવણી પેટે જ આપેલ હતો તેમ માનવાનું રહે છે. આમ, ફરિયાદીએ પોતાની પ્રાથમિક જવાબદારી પૂર્ણ કરેલ છે અને તેવુ સાબિત કરેલ છે કે, તેઓનું કાયદેસરનું લેણુ આરોપી પાસે અસ્તીત્વમાં હતું. જે સંદર્ભે આરોપીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરિયાદીની કોઇ ઉલટ તપાસ કરેલ નથી કે તે સંદર્ભે કોઇ ખંડનાત્મક પુરાવો રજૂ કરેલ નથી. ફરિયાદીના પુરાવારૂપી

સોગંદનામામાં તેઓએ જણાવેલ હકીકત કે આરોપીએ રૂા.૩,૯૫,૪૮૫/- નો ચેક લખીને આપેલો તે હકીકત માનવાને કારણ રહે છે.

૧૯.૨. આરોપી પક્ષે કલમ મુજબનાં અનુમાનોનું ખંડન કરતો પુરાવો રજૂ ન કરે ત્યાં સુધી આરોપી વિરુધ્ધ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો પુરવાર માનવાનું રહે છે. નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા ૨૦૦૯(૨) જી.એલ.આર. ૧૨૪૦, સુપ્રીમ કોર્ટ, મેસર્સ કુમાર એક્ષપોર્ટ વિ. શર્મા કાર્પેટસના ચૂકાદામાં પેરા ૧૧ નાં અનુમાનો કયારે કરી શકાય અને તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નીભાવી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

para 11- The use of the phrase “until the contrary is proved” in Sec.118 of the Act and use of the words “unless the contrary is proved” in Sec. 139 of the Act read with definitions of “may presume” and “shall presume” as given in Sec. 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove

the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the presumptions arising under Sec. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the bereavements in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant ......

ઉપરોકત ચૂકાદાને માનસહ વંચાણે લેતા અનુમાનોનું ખંડન કરી શકે તેવો પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવુ માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપી

પક્ષે રજૂ કરવામાં આવેલ છે કે કેમ અથવા તો તેવો બચાવ આરોપી પક્ષે રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ તે ધ્યાને લેવુ પડે.

૧૯.૩. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટનો 2023 LiveLaw (SC) 866, CRIMINAL APPEAL NO.3126-2023, Rajesh Jain versus Ajay Singh નો ચૂકાદો ધ્યાને લેતા તેમાં એવુ ઠરાવેલ છે કે,

Negotiable Instruments Act, 1881 - Once the presumption under Section 139 was given effect to, the Courts ought to have proceeded on the premise that the cheque was, indeed, issued in discharge of a debt/liability. The entire focus would then necessarily have to shift on the case set up by the accused, since the activation of the presumption has the effect of shifting the evidential burden on the accused. The nature of inquiry would then be to see whether the accused has discharged his onus of rebutting the presumption. If he fails to do so, the Court can straightaway proceed to convict him, subject to satisfaction of the other ingredients of Section 138. If the Court finds that the evidential burden placed on the accused has been discharged, the complainant would be expected to prove the said fact independently, without taking aid of the presumption. The Court would then take an overall view based on the evidence on record and decide accordingly. (Para 55)

Negotiable Instruments Act, 1881 - When the Courts have concluded that the signature in the cheque has been admitted and its execution has been proved, then the Courts should inquire into either of the two questions: 1. Has the accused led any defense evidence to prove and conclusively establish that there existed no debt/liability at the time of issuance of cheque? 2. In the absence of rebuttal evidence being led the inquiry would entail: Has the accused proved the nonexistence of debt/liability by a preponderance of probabilities by referring to the ‘particular circumstances of the case? (Para 56)

Negotiable Instruments Act, 1881 - Once the accused adduces evidence to the satisfaction of the Court that on a preponderance

of probabilities there exists no debt/liability in the manner pleaded in the complaint or the demand notice or the affidavit-evidence, the burden shifts to the complainant and the presumption 'disappears' and does not haunt the accused any longer. The onus having now shifted to the complainant, he will be obliged to prove the existence of a debt/liability as a matter of fact and his failure to prove would result in dismissal of his complaint case. Thereafter, the presumption under Section 139 does not again come to the complainant's rescue. Once both parties have adduced evidence, the Court has to consider the same and the burden of proof loses all its importance.(Para 45)

Negotiable Instruments Act, 1881 - The fundamental error in the approach lies in the fact that the High Court has questioned the want of evidence on part of the complainant in order to support his allegation of having extended loan to the accused, when it ought to have instead concerned itself with the case set up by the accused and whether he had discharged his evidential burden by proving that there existed no debt/liability at the time of issuance of cheque. (Para 62)

Indian Evidence Act, 1872 - Burden of Proof - There are two senses in which the phrase ‘burden of proof’ is used in the Evidence Act. One is the burden of proof arising as a matter of pleading and the other is the one which deals with the question as to who has first to prove a particular fact. The former is called the ‘legal2 burden’ and it never shifts, the latter is called the ‘evidential burden’ and it shifts from one side to the other. (Para 29)

Indian Evidence Act, 1872; Section 101 and 102 - ‘legal burden’ and ‘evidential burden’ - The legal burden is the burden of proof which remains constant throughout a trial. It is the burden of establishing the facts and contentions which will support a party's case. If, at the conclusion of the trial a party has failed to establish these to the appropriate standards, he would lose to stand. The

incidence of the burden is usually clear from the pleadings and usually, it is incumbent on the plaintiff or complainant to prove what he pleaded or contends. On the other hand, the evidential burden may shift from one party to another as the trial progresses according to the balance of evidence given at any particular stage; the burden rests upon the party who would fail if no evidence at all, or no further evidence, as the case may be is adduced by either side. While the former, the legal burden arising on the pleadings is mentioned in Section 101 of the Evidence Act, the latter, the evidential burden, is referred to in Section 102 thereof. (Para 30)

Presumption - Presumptions of fact are inferences logically drawn from one fact as to the existence of other facts. Presumptions of fact are rebuttable by evidence to the contrary. Presumptions of law may be either irrebuttable (conclusive presumptions), so that no evidence to the contrary may be given or rebuttable. A rebuttable presumption of law is a legal rule to be applied by the Court in the absence of conflicting evidence. Among the class of rebuttable presumptions, a further distinction can be made between discretionary presumptions (‘may presume’) and compulsive or compulsory presumptions (‘shall presume’). (Para 32)

Presumption - The Evidence Act provides for presumptions, which fit within one of three forms: 'may presume' (rebuttable presumptions of fact), 'shall presume' (rebuttable presumption of law) and conclusive presumptions (irrebuttable presumption of law). The distinction between 'may presume' and 'shall presume' clauses is that, as regards the former, the Court has an option to raise the presumption or not, but in the latter case, the Court must necessarily raise the presumption. If in a case the Court has an option to raise the presumption and raises the presumption, the distinction between the two categories of presumptions ceases and the fact is presumed, unless and until it is disproved. (Para 33)

૨૦. હાલના કેસમાં આરોપીની ફોજદારી જવાબદારી નકકી કરવાની છે. અદાલત એ બાબત સાથે સહમત થાય છે કે, ધી નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમોનું અનુમાન ખંડનાત્મક છે અને આરોપીની વિરુધ્ધ ઉભા થયેલ અનુમાનનું ખંડન આરોપીએ તમામ શંકાઓથી પર રહીને સાબિત કરવાનું નથી પરંતુ શકયતાના ધોરણે સાબિત કરવાનું છે. જો કે આ કેસમાં આરોપીએ તેની વિરુધ્ધ થયેલ અનુમાનનું ખંડન કરતો કોઈ પણ પુરાવો રજૂ કરેલ નથી. વધુમાં કેસની હકીકતો તેમજ કાયદાકીય જોગવાઈનું મૂલ્યાંકન કરતા આરોપી ધ્વારા ફરિયાદીને આંક ૩૨ વાળો ચેક કાયદેસરના દેવા અથવા તો યોગ્ય જવાબદારી અથવા જવાબદારીના ભાગની ભરપાઈ કરવા સારુ આપવામાં આવેલ હોવાની હકીકત પુરાવાકીય રીતે તેમજ કાયદાકીય આદેશાત્મક અનુમાનિત જોગવાઈ અન્વયે પુરવાર થતી હોય તેમજ ૨૦૧૫(૦) એ.આઈ.જે.ઈ.એલ. – એસ.સી. – ૫૬૫૫૬ ટી વસંતકુમાર વિ. વિજય કુમારીનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી પોતાનો કોઈ બચાવ પુરવાર કરી શકેલ નથી કે કાયદાકીય જોગવાઈ મુજબ ફરિયાદ પક્ષના પુરાવાનું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબ પોતાનો બચાવ ફલીત કરી શકેલ નથી ત્યારે ફરિયાદ પક્ષ પોતાનો આક્ષેપ પુરવાર કરવામાં સફળ નિવડતા હોવાનું મારુ માનવું હોય તેમજ ટ્રાયલ કોર્ટ ધ્વારા આરોપીને તકસીરવાન ઠરાવી જે સજા અને વળતર ચૂકવવાનો હુકમ કરવામાં આવેલ છે તે યોગ્ય રીતે કરવામાં આવેલ હોય તેમાં હસ્તક્ષેપ કરવાનું યોગ્ય જણાતું નથી. જેથી અપીલવાળાની અપીલ રદ કર્યા સિવાય કોઈ વિકલ્પ રહેતો ન હોય, વિશેષ છણાવટ નહિ કરતા ભાવનગરના વિધ્વાન ચોથા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટનો હુકમ કાયમ રાખી અપીલવાળાની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૧૫ અન્વયેની અપીલ આથી રદ કરવી ન્યાયોચિત જણાતી હોય **મુદા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

૧. અપીલવાળાની હાલની અપીલ **નામંજૂર** કરવામાં આવે છે.

૨. ભાવનગરના વિધ્વાન ચોથા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ધ્વારા ફોજદારી કેસ નં.૪૪૦૧/૨૦૧૮ ના કામે તા.૧/૪/૨૦૨૪ ના રોજ કરેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

૩. ફરિયાદીએ આ કામે આંક ૧૪ થી અરજી કરી અપીલકર્તા/મુળ આરોપીએ ટ્રાયલ કોર્ટમાં જમા કરાવેલ ૨૦ ટકા રકમ તેઓને ચુકવી આપવાનો હુકમ કરવા માંગણી કરેલ હોય, જો આરોપી સજાના હુકમ સામે નામદાર હાઇકોર્ટ/નામદાર સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરે અને તેમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે તો ઉપરોકત ૨૦% રકમ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટમાં કરવામાં આવેલ પ્રાવધાન મુજબ ફરિયાદીએ આરોપીને પરત ચૂકવી આપવાની અત્રેની કોર્ટમાં બાંહેધરી આપવાની શરતે, આ કામના આરોપીએ ભાવનગર ચીફ કોર્ટમાં જમા કરાવેલ ૨૦% રકમ ફરિયાદીને ચૂકવવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ ચૂકાદાની પ્રમાણિત નકલ ટ્રાયલ કોર્ટને ફોજદારી કેસ નં.૪૪૦૧/૨૦૧૮ ના રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્ઝ સાથે તાત્કાલીક મોકલી આપવી.

૫. આ હુકમની સબંધિતને યાદી કરવી.

:: હુકમ આજ તા.૧૩ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૧૩/૦૩/૨૦૨૬

**(એચ.એસ.મુલીયા)**
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૫

-yatin